# સચિવાલયમાં અમલદારો જ ટ્રાફિક નિયમોનો છડે ચોક ભંગ કરે છે

## નો પાર્કિંગના બોર્ડની સામે જ અધિકારીઓના વાહનોનું આડેધડ પાર્કિંગ

ગાંધીનગર, તા.૧૯

રાજયના મોટામાં મોટા ગજના અધિકારી-આવી રહી છે અને આજ ઉજવણીમાં સચિવાલય સંકુલમાં બેસતા મોટા અધિકારીઓ-અમલદારો



(તસવીર : દર્શન મારૂ)

અમલદારો સચિવાલયમાં જયાં બેસે છે અને સામાન્ય લોકોને નિયમ અને કાયદાનું પાલન કરાવે છે તે અમલદારો જ છડેચોક નિયમોનો ભંગ કરતા નજરે પડી રહ્યા હોવાની ઘટના ગાંધીનગર શહેરના સચિવાલય સંકુલના પ્રકાશમાં આવી છે. જયાં નો પાર્કિંગના બોર્ડ આગળ જ અધિકારીઓ પોતાની સરકારી ગાડીઓ મુકી દે છે.


રાજયના પાટનગર ગાંધીનગર શહેરમાં સચિવાલય અને વિધાનસભા સંકુલ આવેલ છે. જયાંથી રાજયભરનો વહીવટ થઈ રહ્યો છે અને આ સંકુલમાં જ આવેલ વિવિધ બિલ્ડીંગમાં રાજયના ઉચ્ચ કક્ષાના અધિકારીઓ-મંત્રીઓ બેસી વિવિધ કાયદાઓ ઘડવા અને તેનું અમલીકરણ કરાવવા જિલ્લા કક્ષા સુધી કામગીરી કરે છે અને સામાન્ય નાગરીક જે તે નિયમોનું પાલન કરે તેવું સુચન કરવામાં આવે છે. હાલ રાજયભરમાં ટ્રાફિક સપ્તાહની ઉજવણી કરવામાં દરરોજ વિવિધ સ્થળોએ ટ્રાફિક સપ્તાહમાં હાજરી આપી મોટા મોટા ભાષણો આપે છે અને ટ્રાફિકના નિયમોનું યોગ્ય પાલન કરાવવા અનુરોધ કરી રહ્યા છે. પરંતુ નવાઈની વાત એ છે કે આ જ અધિકારીઓ સચિવાલયની અંદર નિયમોને ઘોળીને પી ગયા છે તો બીજી બાજુ ટ્રાફિક પોલીસ કે સચિવલાય સલામતી શાખાના પોલીસની પણ તાકાત નથી કે આ સાહેબોની નો પાર્કિંગમાં પાર્ક કરેલી ગાડીઓને પાવતી આપે ત્યાંથી દૂર કરાવે ત્યારે જરૂર યાદ આવે છે કે ટ્રાફિક પોલીસ નાની નાની બાબતે સામાન્ય વાહન ચાલકો પાસે દંડનો દંડો ઉગામે છે પરંતુ આ પ્રકારની નો પાર્કિંગમાં પાર્ક કરેલી અધિકારીઓની ગાડી નજરે પડતી જ નથી જયારે અમલદારો જ નિયમોનો ભંગ કરે છે તે અતિ ગંભીર બાબત છે અને રૂઆબદાર શિક્ષિત અધિકારીઓને ત્યાં લગાવેલ નો પાર્કિંગનું બોર્ડ શું નહી દેખાતું હોય?

# ખેતરમાં ઘઉંનો ઉભો મોલ છોડી ખેડૂતો યુરિયા મેળવવા લાઈનમાં જોતરાયા

## દર સીઝનમા યુરિયાની તંગીથી ખેડૂતોમાં રોષની લાગણી : યુરિયાની ખેડૂત દીઠ માત્ર બે બેગ અપાય છે : સાથે નર્મદા ફોસની એક બેગ પરાણે પધરાવાય છે

ચિલોડા, તા. ૧૯

ગાંધીનગર તાલુકાના ચિલોડા પંથકમાં ઘઉંની સીઝન ટાણે જ યુરિયાની અછત સર્જાતા ખાતર ખરીદી માટે ખેડૂતોની લાંબી કતારો જોવા મળી રહી છે. શિયાળુ ખેતીના પાકો બટાકા અને ઘઉંની વાવણી બાદ આવી રહ્યું છે. હાલ ઘઉંના ઉભા મોલ માટે યુરિયાની ખૂબ જરૂર પડે છે. તેવા સમયે યુરિયાની અછત સર્જાવા પામી છે. આ કેન્દ્રો પર યુરિયાનો જથ્થો આવતા જ ખેડૂતો તેને લેવા લાંબી કતારો લગાવી દે છે. જો કે વિતરણ કેન્દ્રો દ્વારા ખેડૂત દીઠ ગામોમાં સહકારી મંડળીઓ દ્વારા યુરિયાનું વિતરણ કરાય છે, પરંતુ વ્યવસ્થાના અભાવે ચિલોડામાં અસંખ્ય ખેડૂતોને ખાતર મેળવવા ચાતક પક્ષીની જેમ રાહ જોવાનો વારો આવ્યો છે. અધુરામાં પુરૂ હોય તેમ વિતરણ કેન્દ્રો દ્વારા બે બેગ યુરિયા



(તસવીર : નટુભાઈ પટેલ)

ખેતરો હાલ લીલાછમ્મ મોલથી લહેરાઈ રહ્યા છે. પરંતુ યુરિયા ખાતરની અછત સર્જાતા આ મોલને પાકમાં પરિવર્તિત કરવા પણ પ્રશ્નાર્થ ચિન્હો દેખાઈ રહ્યા છે.

ચિલોડામાં બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ વગેરેનું વેચાણ-ખરીદ કેન્દ્રો દ્વારા વિતરણ કરવામાં માત્ર બે થેલા જ યુરિયા આપવામાં આવે છે.

ઘઉંમાં અત્યારે બે થી ત્રણ પિયતનો સમય ચાલી રહ્યો છે. ત્યારે આ સમયે ખાતરનો ડોઝ આપવો અનિવાર્ય બને છે. દર વર્ષે આ સમયે યુરિયાની તંગી સર્જાય છે જે ખેડૂતોને અકળાવનારી બને છે. કેટલાક સાથે એક બેગ નર્મદા ફોસ ખાતર ફરિયાજ આપવામાં આવે છે તેવું જાણવા મળેલ છે. ખરા સમયે જગતના તાતને યેનકેન પ્રકારે મજબુરીનો લાભ ઉઠાવી તેનું શોષણ કરવામાં આવે છે તેથી કિસાનોમાં ભારે રોષની લાગણી જોવા મળી રહી છે.



## વૃધ્ધાશ્રમના વડીલો માટે હળદળિયું ભોજન

ગાંધીનગરના સેક્ટર-૨૯ના મિત્ર મંડળ દ્વારા મગોડી ખાતેના રાહેલબા વૃધ્ધાશ્રમના વડીલો માટે હળદળિયાંના ભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું. વૃધ્ધાશ્રમના વડીલોના ચહેરા પર ખુશીનું સ્મિત ઝળક્યું હતું. જેનો સંતોષ પામીને મિત્ર સભ્યો પણ રોમાંચિત થયા હતા.

# ઘ-પ ચોપાટીમાં પોલીસ પુત્રએ ધમાલ મચાવી

## પીસીઆર વાન બોલાવવી પડી : પોલીસ ફરીયાદ કરવાનું ટાળ્યુ

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગર શહેરનાં ઘ-પ ચોપાટી વિસ્તારમાં નાસ્તા બાદ કોઈ કારણોસર બપોરના અરસામાં દુકાનદાર સાથે માથાકુટ થતા એક યુવાન શખ્સે ધમાલ મચાવી દીધી હતી. પોલીસની પીસીઆર વાન પણ બોલાવી લેવામાં આવી હતી. આ યુવાન પોલીસ પુત્ર જ હોવાનું જાણવા મળતા આખરે મામલો શાંત પાડી દેવાયો હતો. ધમાલ કરનાર શખ્સ પૌીસપુત્ર હોવાથી દુકાનદારે પણ સમાદાન કરી ળઈને પોલીસ સમક્ષ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું.

આજે બપોરના સુમારે ગાંધીનગરના હાર્દસમા ગણાતા વિસ્તાર ઘ-પ ચોપાટી ખાતે નાસ્તા પાણી કર્યા બાદ દુકાનદાર અને એક યુવાન વચ્ચે બોલાચાલી થઈ હતી. યુવાન શખ્સ ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા જમાદારનો દિકરો હોવાનું જાણવા મળ્યું હતું. આ શખ્સને ધમાલ કરતો અટકાવવા પીસીઆર વાન બોલાવવી પડી હતી. પોલીસની ટીમ આવી અને યુવાને ઓળખાણ આપી ત્યારબાદ પોલીસ પુત્ર યુવાન સામે દુકાનદારે પણ ફરીયાદ કરવાનું ટાળી સમાધાન કરી લીધું હતું. દુકાનદારે ફરીયાદ ન કરતાં પોલીસ ચોપાટીથી પરત ફરી હતી.

# એચઆઈવી-એઈડસ અંગે જાગૃતિ ફેલાવવા દેશભરમાં સાયકલ પર નીકળેલા અમર ધોલાણી

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં છેલ્લા બે દિવસથી એક સાયકલ સવાર પોતાના માલ સામાન સાથે ફરી રહ્યો છે અને તેઓ લોકોને મળીને એચઆઈવી એઈડસ વિશે સાવચેતી રાખવા નગરજનોને માહિતી આપી રહ્યા છે. આ સાયકલ સવાર ભાવનગરના રહેવાસી અમરકુમાર ધોલાણી છે. જેઓને પોતાને ચારેક વર્ષ પહેલ એઈડસ થયેલો છે અને છેલ્લા ૩ વર્ષથી સમગ્ર ભારતમાં સાયકલ પર ફરીને લોકોમાં આ મહામારી અંગે જાગૃતિ ફેલાવવાનું અભિયાન ચલાવી રહ્યા છે.

અમરકુમાર ભારતના અનેક રાજયો જેવા કે રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, હરિયાણા, દિલ્હી અને પંજાબ વગેરેનો ૩ વાર સાયકલ પ્રવાસ કરી ચુકયા છે. તેઓ તેમના અભિયાન માટે કોઈની આર્થિક મદદ લીધા વગર 'ગાંઠનું ગોપીચંદન' કરીને ફરે છે પરંતુ જો કોઈ મદદ કરવા ઈચ્છે તો માત્ર એઈડસ એચઆઈવી જાગૃતિ અને સાવચેતી અંગેના પેમ્ફલેટસ છપાવી આપવા કહે છે. આ પેમ્ફલેટસ તેઓ તેમના સાયકલ પ્રવાસ દરમિયાન વિતરણ કરતા રહે છે અને લોકોને મળીને એચઆઈવી વાઈરસથી બચવા માર્ગદર્શન આપે છે.

આમ તો દરેક પ્રવાસ પછી તેઓ પોતાના ઘરે પર ફરતા હતા પરંતુ તા. ૧૧મી ડિસેમ્બર ૨૦૧૪ના રોજથી તેમણે હવે કાયમ માટે પોતાના ઘરનો ત્યાગ કર્યો છે અને શેષ જીવન તેમના આ અભિયાન માટે જ ખર્ચી નાંખવાનો નિર્ધાર કર્યો છે. આવતી કાલે તેઓ અમદાવાદ તરફ જશે અને ત્યાંથી તેઓ ખેડા, નદિયાદ અને ગોધરા-દાહોદ તરફ જનાર છે. તેઓ પોતાનો સમગ્ર સામાન પણ સાયકલ પર લઈને જ ફરે છે અને ટાઢ-તાપ વરસાદથી માંડીને અનેક મુશ્કેલીઓનો સામનો કરતા કરતા પણ અભિયાન ચલાવી રહ્યા છે. તેમના આ ભગીરથ પ્રયાસ અને સેવા ભાવના માટે તેમને સો-સો સલામ પણ ઓછી પડે તેમ છે.

# આજે ચૌધરી કન્યા વિદ્યાલયમાં ભજન વ્યાખ્યાન માળા મણકો-૩ યોજાશે

ગાંધીનગર, તા.૧૯

ગાંધીનગરમાં સે-૭માં આવેલ જે.એમ.ચૌધરી સાર્વજનિક કન્યા વિદ્યાલય ખાતે સંકુલના મુખ્યદાતા સ્વ. જીવણભાઈ ચૌધરીની ૧૫મી પૂણ્યતિથિ નિમિત્તે ભજન વ્યાખ્યાન માળા મણકો-૩નું આયોજન કરવામાં આવ્યું છે. આ કાર્યક્રમ તા. ૨૦મી જાન્યુઆરી મંગળવારે બપોરે ૧.૩૦ કલાકે યોજાશે. આ પ્રસંગે તેજસ્વી તારલાઓને શિષ્યવૃત્તિ અને પ્રોત્સાહિત ઈનામ વિતરણ કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં શિક્ષણ અને રમતગમત તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના રાજયકક્ષાના મંત્રી નાનુભાઈ વાનાણી અધ્યક્ષપદે ઉપસ્થિત રહેશે. આ ઉપરાંત વલ્લભ વિદ્યાનગરના સેરલિપના નિયામક પ્રાધ્યાપક ડૉ. હરિભાઈ દેસાઈ વિશિષ્ટ મહેમાન પદે ઉપસ્થિત રહેશે. આ વ્યાખ્યાન માળાના પ્રવકતા નારી કથાના પ્રણેતા નારી કથાકાર અને સેરલિપના અધ્યાપિકા ડૉ. ટીના દોશી વ્યાખ્યાન રજુ કરશે. આ કાર્યક્રમમાં વિદ્યાલયના તેજસ્વી તારલાઓને શિષ્યવૃત્તિ અને પ્રોત્સાહિત ઈનામોનું પણ વિતરણ કરવામાં આવનાર છે.

# સમસ્ત વૈષ્ણવ વણિક પરિવારનું સંમેલન યોજાયુ

ગાંધીનગર, તા. ૧૯

સમસ્ત વૈષ્ણવ વણિક પરિવાર, ગાંધીનગર જિલ્લાના ઉપક્રમે ગાંધીનગર, દહેગામ, કલોલ અને માણસાના આશરે ૮૦૦ જેટલા વૈષ્ણવ વણિકોનું પ્રથમ મહા સ્નેહસંમેલન રાંધેજા ખાતે યોજવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત પ્રદેશના હોદ્દેદારો કીરીટભાઈ શાહ, દક્ષેશભાઈ શાહ, નિમેશભાઈ મજમુદાર, ભરતભાઈ મોદી અને પરમાનંદભાઈ શાહ ખાસ ઉપસ્થિત રહી સમગ્ર ભારત અને ગુજરાત કક્ષાએ આકાર લઈ રહેલા સમસ્ત વૈષ્ણવ વણિક સંગઠનની માહિતી પુરી પાડી હતી તેમજ આ સંગઠન દ્વારા અમલમાં મુકવામાં આવનાર શૈક્ષણિક, આરોગ્યલક્ષી અને સામાજિક કાર્યક્રમોની વિગતો અને તેનાથી થનાર લાભોની માહિતી પુરી પાડી હતી.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે દહેગામના જાણીતા સામાજિક કાર્યકર અને દહેગામ સમાજના પ્રમુખ પિયુષભાઈ એસ. શાહ તેમજ રૂપાલવાળા મનુભાઈ હરગોવિંદભાઈ શાહ અને કનુભાઈ એસ. શાહે હાજરી આપી હતી.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જિલ્લા પ્રમુખ પ્રકાશભાઈ એસ. શાહ, શહેર પ્રમુખ જશવંત ગાંધી અને અન્ય હોદ્દેદારો મહેન્દ્રભાઈ મજમુદાર, બી.ડી. શાહ, દિપકભાઈ ગઢિયા, ભૂપેન્દ્રભાઈ કોઠારી, પ્રકાશભાઈ એસ. શાહ, સુનિલભાઈ શાહ, વલ્લભભાઈ દેસાઈ અને પ્રકાશભાઈ લાલાએ ખૂબ જ જહેમત ઉઠાવી હતી.

આ કાર્યક્રમના પ્રારંભમાં નિખિલ રાવલે મીમીક્રી અને જાદુગર પ્રો. ઝાલાએ જાદુના કાર્યક્રમો રજૂ કર્યા હતા. કાર્યક્રમનું સંચાલન અમીબેન શાહ તેમજ હર્ષાબેન પી. શાહે સફળ રીતે કર્યું હતું.

## રવિવારે દત્ત મંદિરેથી પદયાત્રાનું આયોજન

ગાંધીનગરના સેકટર-૨૮માં આવેલ ત્રિમૂર્તિ દત્ત મંદિરે ૮૧મો શ્રી દત્ત બાવની પાટોત્સવ યોજાનાર છે. આ પ્રસંગે ત્રિમૂર્તિ દત્ત મંદિરેથી સઈજ ગામે આવેલ સિધ્ધનાથ મહાદેવ સુધીની પદયાત્રાનું આયોજન તા. ૨૫મી જાન્યુઆરીના રોજ સવારે ૫ વાગ્યાથી યોજવામાં આવેલ છે. આજથી ૮૦ વર્ષ પહેલા રંગ અવધૂત મહારાજે ધનલક્ષ્મીબેન નામના શ્રધ્ધાળુની પિશાચ પીડા દૂર કરવા સઈજ મુકામે આવેલ સિધ્ધનાથ મહાદેવ ખાતે દત્ત બાવનીની રચના કરી આપી હતી. આ દત્ત બાવનીની ૮૧મા વર્ષ પ્રારંભ નિમિત્તે પાટોત્સવ અને પદયાત્રા યોજવામાં આવી છે. આ પદયાત્રા વાવોલ-પુન્દ્રાસણ-ટીંટોડા થઈને સઈજ મુકામે ૯ વાગે પહોંચશે. આ પદયાત્રાનો લાભ લેવા ભાવિક ભકતોને અનુરોધ કરાયો છે.

## વીરમાયા સ્મારક સમિતિની બેઠક મળી

ગુજરાત વણકર સમાજની વીરમાયા સ્મારક સમિતિના પાટણના કન્વીનર ધીરજ સોલંકીએ સ્મારક સમિતિ અને વણકર સમાજની બેઠક તા. ૧૭મી જાન્યુઆરીએ બોલાવી હતી. જેમાં પ્રમુખ સ્થાને સમિતિના અધ્યક્ષ ઝવેરભાઈ ચાવડા તેમજ પાટણ શહેરના નાગરિકો, સમાજના અગ્રાણીઓ સહિત નવીનભાઈ, પાનાચંદભાઈ, વિઠ્ઠલભાઈ, મુકેશભાઈ જેવા અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ મીટીંગમાં અધ્યક્ષ ઝવેરભાઈ ચાવડાએ તા. ૨૬મી જાન્યુઆરીએ માયાસાતમના દિવસે વીરમાયાદેવની ઉજવણી પાટણ ખાતે કરવાની હોઈ તેમજ શહેરમાં રથયાત્રાનું આયોજન કરેલ હોઈ તેમાં ઉપસ્થિત રહેવા તથા સ્મારક ભવનના બાંધકામમાં દાન ફાળો આપવા અપીલ કરી હતી. આ અપીલના ફળસ્વરૂપે રૂપિયા ૨૫૦૦૦નું દાન સમાજના સભ્યો તરફથી મળવા પામ્યું હતું.



દોઢ મણ કચરીયું ચાખવામાં... વાત માન્યામા ન આવે એવી છે પણ પેથાપુર ચોકડી પાસે આવેલા ઉમીયા ગૃહ ઉદ્યોગ એ તેલની વિવિધ આયટમ માટે જાણીતુ છે...તલની ચિકી, રેવડી, કચરિયુ, મમરાના રાજગરાના લાડુ જેવી વેરાયટી એમના ત્યા ઉપલબ્ધ છે. મજાની વાત એ છે કે આ દરેક વસ્તુ એ ચાખવા માટે રાખે છે, પણ એ અનલિમીટેડ... તમારે જેટલું ચાખવુ હોય એટલી છૂટ... દુકાનના માલિક જયંતિભાઈ પટેલ અને એમના પિતા પ્રહલાદભાઈ પટેલ બિલકુલ ઉદાર દીલથી સૌને આ મોંઘા ભાવનું કચરિયું મફતમાં જોઈએ એટલું ખવરાવે છે... શરત માત્ર એટલી કે તમારે એમની દુકાન સુધી જવું પડે... મોંઘવારીના આ જમાનામાં દિવસનું દોઢ મણ કચરિયું ચખાડી દેવા માટે જીગર જોઈએ, કેમ ખરૂ ને ? (તસવીર : સંજય થોરાત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૭.૨૪
સૂર્યાસ્ત : ૬.૧૯

## તાપમાન

મહત્તમ : ૨૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૮.૫ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૬૧ ટકા ● સાંજે ૩૫ ટકા

## મનોરંજન

### મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :

આઈ : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
અલોન : ૧.૩૦, ૭.૩૦

સ્ક્રીન-૨ :

અલોન : ૧૦.૧૫, ૧૦.૧૫
આઈ : ૧૨.૩૦, ૭.૧૫
તેવર : ૪.૧૫

સ્ક્રીન-૩ :

શરાફત ગઈ તેલ લેને : ૧૧.૦૦, ૪.૩૦, ૯.૩૦
તેવર : ૧.૦૦, ૬.૩૦

### સિટીપલ્સ

: સ્ક્રીન-૧ :

આઈ (હિન્દી) : ૩.૦૦, ૬.૩૦, ૧૦.૦૦

સ્ક્રીન-૨ :

આઈ (હિન્દી) : ૧૨.૩૦
અલોન : ૪.૦૦, ૭.૦૦, ૧૦.૧૫

સ્ક્રીન-૩ :

અલોન : ૧.૧૫
શરાફત ગઈ તેલ લેને : ૩.૪૫, ૭.૧૫
ટેકન (ઇંગ્લીશ) : ૯.૩૦

સ્ક્રીન-૪ :

આઈ : ૧૦.૦૦
ક્રેઝી કુક્કડ ફેમિલી : ૧.૩૦
તેવર : ૭.૦૦
શરાફત ગઈ તેલ લેને : ૧૦.૧૫

સ્ક્રીન-૫ :

અલોન : ૧૦.૦૦
ક્રેઝી કુક્કડ ફેમિલી : ૭.૩૦
પી.કે. : ૪.૧૫
શરાફત ગઈ તેલ લેને : ૧૨.૩૦
તેવર : ૧૦.૦૦

## આપની આજ

**મેષ** : આર્થિક સ્થિતિમાં સારી તકો આવવાની શકયતા છે. કાર્યની ગતિમાં વધારો થઈ શકશે. સારા લોકોથી મુલાકાત થઈ શકે છે. જે તમારી હિતચિંતક બની રહેશે.

**વૃષભ** : પ્રબળ આત્મવિશ્વાસ તથા દઢ નિશ્ચયથી જટીલ કાર્યનો ઉકેલ આવી શકે. આરોગ્ય અનુકૂળ રહેશે. કુટુંબના સદસ્યો તરફ ખાસ ધ્યાન આપવું.

**મિથુન** : ગહન શોધ, જ્ઞાન તેમજ આધ્યાત્મનાં અગત્યનાં કાર્યોમાં ગહન શોધ થશે.માતૃપક્ષથી સંબંધિત વ્યક્તિઓથી સહયોગ પ્રાપ્ત થવાની સંભાવનાઓ રહેલી છે.

**કર્ક** : નવીન કાર્ય કરવાની તકમાં વધારો થશે. પ્રેમ સંબંધમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. દિવસ દરમ્યાન વ્યસ્તતા વધશે. કૌટુંબિક જીવનમાં સાથ સહકાર મળી રહેશે.

**સિંહ** : વ્યાપાર- વ્યવસાયમાં સમસ્યાઓ હોવા છતાં કાર્ય પાર પડી શકશે. કુટુંબનું વાતાવરણ નિરાશાજનક રહેવાથી ઉત્સાહ ઘટી શકે છે. વધુ ખર્ચ ન કરવો.

**કન્યા** : નવી કાર્યયોજનાના યોગ પ્રબળ છે. માન-સન્માન પ્રાપ્ત થશે. વેપાર- ધંધા સારા અને લાભપ્રદ આર્થિક લાભની તક પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સમસ્યાઓનું સમાધાન થઈ શકશે. પ્રતિસ્પર્ધામાં વિજય પ્રાપ્ત થશે.

**તુલા** : બુદ્ધિનો ઉપયોગથી કાર્યમાં વદ્ધિ થશે. કાયદાકીય બાબતોમાં સફળતા પ્રાપ્ત થઈ શકશે. તમારા કાર્યોની સમાજમાં પ્રશંસા થઈ શકશે. પ્રયત્નોનો ફળ તરત પ્રાપ્ત થઈ શકે છે.

**વૃશ્ચિક** : માનસિક શાંતિ જાળવી રાખવી. સામાજિક કાર્યોમાં આપનો સક્રિય સહયોગ રહેશે. વ્યપારા પ્રગતિકારક બની રહેશે. સાહસનો લાભ પ્રાપ્ત થઈ શકશએ. સંતાનના આરોગ્ય સંબંધી ચિંતા દૂર થશે. સત્સંગ થશે.

**ધન** : ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો. નવા સંબંધ બની શકશે. વ્યક્તિગત કાર્યોમાં ઉન્નતિ મળી શકશે. વાદ-વિવાદથી દૂર રહેવું જોઈએ.

**મકર** : શિક્ષા, જ્ઞાન, આધ્યાત્મના કાર્યોમાં મન લાગશે. ધર્મ, માંગલિક કાર્યોના સંબંધમાં આયોજન થઈ શકે છે. ધાર્મિક કાર્યોમાં સમય પસાર થશે.

**કુંભ** : જીવનમાં વિવિધતાપૂર્ણ વાતાવરણ નિર્મિત થશે. વિવાદિત કાર્યોને પૂર્ણ કરવા માટે અત્યંત શુભ સમય છે. શિક્ષા સંબંધી ઉપલબ્ધિદાય યોગ બની રહ્યો છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. સામાજિક અને રાજકીયક્ષેત્રોથી લાભ પ્રાપ્ત થઈ શકશે. સામાજિક ક્ષેત્રે મહત્વપૂર્ણ ઉપલબ્ધિ પ્રાપ્તી થઈ શકે છે. વિરોધી હેરાન કરી શકે છે. ઘરમાં મહેમાન આવશે.

## ચિરવિદાય

- સ્વ. ધૂળાજી શિવાજી ઠાકોર (ઉ.વ.૬૦) મુ. જલુંધ, તા.જી. ગાંધીનગર
- સ્વ. કેશાજી કચરાજી ઠાકોર (ઉ.વ.૮૫) મુ. પેથાપુર, તા.જી. ગાંધીનગર
- સ્વ. રાવળ મીરાતબેન મેવાબાઈ (ઉ.વ.૫૮) મુ. ગોકુળપુરા, સેક્ટર-૧૪, ગાંધીનગર
- સ્વ. પારેખ રસીકલાલ કરશનરાસ (ઉ.વ.૮૫) પ્લોટ નં. ૧૦૭૨, સેક્ટર-૨ડી, ગાંધીનગર